ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૧ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૬૮ ટકા

# નવા સચિવાલયના ગેટ પાસે પાટણની મહિલાનો આપઘાતનો પ્રયાસ

## અદાણીએ પચાવી પાડેલી પોતાના પિતાની અઢી વીઘા જમીન પરત મેળવવા આ પગલું ભર્યુ : મહિલાનો આબાદ બચાવ

ગાંધીનગર, તા.૩૦

પાટણ જિલ્લાના એક ગામમાં રહેતી મહિલા તેના પતિ સાથે આજે બપોરના અરસામાં ગાંધીનગર ખાતે નવા સચિવાલય પાસે રજૂઆત કરવા આવી હતી. આ મહિલાએ નવા સચિવાલયના ગેટ નંબર ૧ ની સામે જ પોલીસની હાજરીમાં ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયત્ન કર્યો હતો. પોલીસનું ધ્યાન જતાં જ ત્યાં દોડી આવી હતી અને મહિલા પાસેથી દવાની શીશી આંચકી લઈ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. આપઘાતનો પ્રયત્ન કરનાર મહિલાના પતિનું કહેવું છે કે તેમની પત્નીના પિતાની અઢી વીઘા જમીન પર અદાણીએ કબજો જમાવી દીધો છે. આ જમીન પરથી કબજો હટાવવા કોર્ટે હુકમ કર્યો હોવા છતાં સરકાર અને તંત્ર તેમનો સાથ આપતુ નથી અને અનેક રજૂઆતો છતાં આ દબાણ હટાવવામાં આવતુ નથી. જેથી કંટાળીને તેણે આ પગલું ભર્યું હોવાની શંકા છે.

પાટણ જિલ્લાના રેલવે સ્ટેશન રોડ પર અનાવાડા ગામમાં રહેતા ૪૪ વર્ષીય શાંતાબેન ગોપાલભાઈ ભરવાડે આજે બપોરે નવા સચિવાલય ગેટ નંબર-૧ ની પાસે જ ઝેરી દવા ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. શાંતાબેનના પતિ ગોપાલભાઈના જણાવ્યા મુજબ તેમના પત્ની શાંતાબેન ચાર દિવસ પહેલા ઘરેથી વિરમગામ ખાતે રહેતી તેની માસીના ઘરે જવાનું કહીને નીકળી હતી. દરમિયાન આજે ગોપાલભાઈના મિત્રએ તેમને ફોન કરીને જણાવ્યું હતું કે તેમની પત્ની અડાલજ ખાતે બેઠા છે. અડાલજ આવીને ગોપાલભાઈએ તેમના ઘરે લઈ જવા કહ્યું તો શાંતાબેને તેમના પિતાની અઢી વીઘા જમીન કે જેના પર અદાણીએ દબાણ કરી કબજો કરી દીધો છે તે પરત મેળવવા સરકારને રજૂઆત કરવા નવા સચિવાલય જવાનું કહી ગાંધીનગર લઈ આવ્યા હતા. ગેટ નંબર ૧ ની પાસે બાંકડા પર બેઠા હતા ત્યારે ગોપાલભાઈને પાણીની બોટલ લેવા મોકલ્યા તે



અરસામાં શાંતાબેને ઝેરી દવા નીકળી ગટગટાવી હતી. ગેટ પર તૈનાત પોલીસનો કાફલો તેમની પાસે તાત્કાલિક આવી પહોંચ્યો હતો અને ઝેરી દવાની શીશી ખેંચી લઈ તેમને તાત્કાલિક ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે રવાના કર્યા હતા. હોસ્પિટલમાં દાખલ શાંતાબેનની તબિયત હાલ સ્થિર છે. શાંતાબેન જે રજૂઆત લઈને આવ્યા હતા તે અંગે નજર નાખીએ તો તેમના પિતાની સમી તાલુકાના દૂધકા ગામમાં અઢી વીઘા જમીન આવેલી છે જેના ઉપર ખાનગી કંપનીએ કબ્જો કરી લીધો છે. આ મામલો કોર્ટમાં ચાલે છે જેમાં કોર્ટે ૨૦૧૪માં દબાણ હટાવીને કબજો આપવા આદેશ પણ કર્યો હતો તેઓ ગોપાલભાઈનું કહેવું છે. કબજો મેળવવા ગયેલા પરિવારને તે સમયે પોલીસે સંયુક્ત ન જ આપ્યો પરંતુ જરા પરિવાર દબાણ હટાવવા ગયું ત્યારે પોલીસે તેમની અટકાયત કરી લીધી હતી અને આ મામલે ત્યારબાદ સીએમ સ્વાગત ઓનલાઈન થી માંડીને અનેક પ્રધાનો સુધી રજૂઆત કરવામાં આવે છે પરંતુ કોઈ પગલાં લેવાયા નથી. શાંતાબેનના પતિનું કહેવું છે કે તેમના પત્ની ત્રણ બહેનો છે અને કોઈ ભાઈ નથી અને તેમના સસરા અપંગ છે. તેમને જમીન ઉપર અદાણીએ દબાણ કર્યું હતું જે કોર્ટના આદેશ મુજબ કબજો મળવાપાત્ર હોવા છતાં સ્થાનિક તંત્ર અને સરકાર મળેલ હોવાથી તેમનું કોઈ સાંભળતું નથી અને તેમને પોતાની જ જમીનનો કબજો મળતો નથી. જમીન મેળવવા માટે ઉચ્ચકક્ષાએ અનેક રજૂઆત કરી હોવા છતાં કોઈ પરિણામ ન આવતા તેમની પત્નીએ ગાંધીનગરમાં આવીને આ પગલું ભરવું પડયું હતું.

# પીડીપીયુ ખાતે બે દિવસીય સ્ટાફ ડેવલપમેન્ટ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરની જાણીતી પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી ખાતે બે દિવસીય સ્ટાફ ડેવલપમેન્ટ વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમ અંતર્ગત કર્મચારીઓ માટે સ્ટ્રેસ મેનેજમેન્ટ અને કોમ્યુનિકેશન ઈફેકિટવનેસ જેવા વિષયોને આવરી લેવાયા હતા.

પીડીપીયુના માનવ સંશાધન વિભાગ દ્વારા આયોજિત આ કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના ડાયરેકટર જનરલ, રજીસ્ટ્રાર તથા સીએચઆરઓ અંકુર પંડયા અને પ્રો. નિગમ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ વર્કશોપમાં પીડીપીયુના ૨૮ બિનશૈક્ષણિક કર્મચારીઓ જોડાયા હતા જેમને તણાવ મુકિત તથા કોમ્યુનિકેશનની અસરકારકતા અંગે તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ થકી




કર્મચારીઓમાં પરસ્પરના સહયોગથી કાર્ય પધ્ધતિની ખામી દૂર કરી વધુ ગુણવત્તાયુકત કાર્ય કરવા માટે જરૂરી માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ તાલીમ પીડીપીયુના સાયકોલોજી વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. રીતુ શર્મા તથા કોમ્યુનિકેશન વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર નીતા ખુરાના દ્વારા પુરી પાડવામાં આવી હતી.

# પરમીટનો દારૂ લાવીને પોતાના મકાનમાં જ વેપલો કરતો એક્સ આર્મી મેન ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એસઓજીની ટીમ ચિલોડા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ચિલોડાની તિરૂપતિ સોસાયટીમાં રહેતો એક એકસ આર્મીમેન ડિફેન્સમાંથી પરમીટનો દારૂ લાવીને પોતાના મકાનમાં જ આ દારૂનો વેપલો કરે છે. આ બાતમી આધારે મકાનમાં દરોડો પાડીને એક્સ આર્મીમેનને દબોચી લીધો હતો. એક્સ આર્મીમેનને પોતાની દારૂની હેલ્થ પરમીટ છે પરંતુ કોટા કરતા અનેક ગણો દારૂનો જથ્થો આ એક્સ આર્મીમેન પાસેથી મળી આવ્યો હતો. એસ.ઓ.જી.એ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી ઊંડી પૂછપરછ શરૂ કરી છે.

ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની સૂચનાથી તેમની એક ટીમ દારૂ-બિયરનો



વેપલો કરતા બુટલેગરને પકડવા સક્રિય છે ત્યારે ટીમના જમાદાર અરવિંદસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે મોટા ચિલોડામાં તિરૂપતિ સોસાયટી ખાતે મકાન નંબર-૬૧માં રહેતા એક્સ આર્મીમેન વિનોદસિંહ રામનાથસિંહ ભદોરીયા પરમીટનો વિદેશી દારૂનો જથ્થો લાવીને પોતાના મકાનમાં જ આ દારૂનો વેપલો કરી રહ્યા છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમે તેમના મકાનમાં દરોડો પાડીને સ્કોચ સહિતની સ્કોચ સહિતની મોંઘી વિદેશી દારૂની બોટલ અને બીયરની બોટલો મળી કુલ ૭૪ નંગ બોટલનો જથ્થો ઘરમાંથી પકડી પાડયો હતો. ગાંધીનગર એસઓજીની ટીમે કુલ રૂ.૩૬,૭૦૦ના મુદ્દામાલ સાથે દારૂનો વેપલો કરતા એક્સ આર્મીમેન વિનોદસિંહ ભદોરીયાને પકડી પાડીને તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એક્સ આર્મીમેનની પાસે પોતાની હેલ્થ પરમીટ હતી પરંતુ પરમિટના કોટાની બોટલો કરતાં તેમની પાસેથી અનેક ગણી વધુ બોટલો મળી હતી. ગાધીનગર એસઓજીની ટીમે તેની પુછતાછ શરૂ કરી છે.

## બિન અનામત વર્ગો માટેની યોજનાઓનો લાભ પછાતવર્ગોથી વધુ ન રાખવા રજુઆત

ગાંધીનગર, તા.૩૦

બિન અનામત વર્ગોની ૫૮ જાતિઓ માટે અલગ નિગમની રચના કરેલ છે. આ નિગમ દ્વારા શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની યોજનાઓ અમલમાં મુકવામાં આવનાર છે. બિન અનામત વર્ગો માટે રાજય સરકાર દ્વારા લાભો આપવામાં આવે છે તેમાં પછાત વર્ગોને વાંધો હોઈ શકે નહિ પરંતુ બિન અનામતના નિગમ દ્વારા જે કોઈ યોજનાઓ અમલ કરવામાં આવે તેમાં અનુસુચિત જાતિ-આદિજાતિના લાભાર્થીઓને મળતા લાભ કરતાં વધારે ન હોવો જોઈએ તેવી રજુઆત મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને નિવૃત્ત નાયબ નિયામક પી.બી. શ્રીમાળી અને વી.એલ. જાદવે રજુઆત કરેલ છે.

# સિવિલમાં વાહનચોરી અટકાવવા પોલીસ તૈનાત

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સમયાંતરે વાહન ચોરીના બનાવો બને છે. વાહન ચોરીના બનાવો અટકાવવા માટે સિવિલ તંત્રમાં પોલીસ સ્ટાફ મુકી દેવામાં આવ્યો છે. જયારે તાજેતરમાં સિવિલ કેમ્પસના પાર્કીંગમાંથી બિનવારસી રીક્ષા મળી આવી હતી. સિવિલ કેમ્પસમાં આડેધડ વાહનો પાર્ક કરવામાં આવતા ચોર ઈસમોને છુટો દોર મળી જાય છે. ત્યારે વાહનચોરી અટકાવવા માટે પોલીસનો સતત પહેરો ગોઠવી દેવામાં આવ્યો છે.

ગાંધીનગર શહેર સિવિલ હોસ્પિટલ કેમ્પસમાંથી થોડા સમય અગાઉ વાહનચોરીના બનાવો બનતા હતા. પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા દર્દીઓ તેમજ સ્ટુડન્ટ સહિત કર્મચારીઓનો ધસારો રહે છે. રોજના હજજારો દર્દીઓ આવતા હોવાથી વાહનોનો ખડકલો જોવા મળે છે. સિવિલમાં પાર્કીંગ સિવાય અન્ય ખાલી જગ્યાઓમાં દર્દીના સગાઓ આડેધડ વાહનો મુકતા હોવાથી ચોર ઈસમોને મોકળુ મેદાન મળ્યુ હોય તેમ લાગી રહ્યુ હતું. ત્યારે સિવિલ તંત્રએ પણ આડેધડ વાહન પાર્કીંગ ન થાય તે માટે સિકયુરીટીને પણ સચેત કરી દીધી છે. જયારે તાજેતરમાં સિવિલ કેમ્પસમાંથી અન્ય સ્થળેથી ચોરી થયેલી બિનવારસી રીક્ષા મળી આવી છે. હાલના સમયે ચોરીના બનાવો અટકાવવા માટે પોલીસ તંત્ર દ્વારા કેમ્પસમાં પોલીસ જવાનો મુકવામાં આવ્યા છે. જેને પગલે સિવિલ કેમ્પસમાથી વાહન ચોરીના બનાવો અટકયા છે.

# ગાંધીનગરને સ્વચ્છ બનાવવા જાગૃત નાગરિક પરિષદના સુચનો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરમાં સ્વચ્છતા અભિયાન શરુ કરવામાં આવેલ છે. જેને વધુ અસરકારક બનાવવા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે સુચનો મહાનગરપાલિકામાં રજુ કરેલ છે.

રસ્તાની બંને બાજુની જગ્યામાં નાના ઝાડી ઝાંખરા દુર કરાતા નથી, કચરો વળાતો નથી તો તે દુર કરવા જરુરી છે. રીંગરોડની બંને બાજુ સફાઈ થાય છે તે સિવાયના રસ્તાઓ પર સફાઈ થતી નથી. ફુટપાથો ધુળમુકત કરવી જોઈએ. સ્વચ્છતા અભિયાનમાં ૨૫-૨૬ મકાનોના ગ્રુપમાં 'સ્વચ્છતા સાથી' નિમવા જોઈએ. સફાઈ કામદારોએ રજીસ્ટરમાં નોંધ કરીને સહી મેળવવાનું ફરજિયાત કરવું જોઈએ. સેકટરમાં દાખલ થવાના મુખ્ય માર્ગો પર, મંદિર જેવા જાહેરસ્થળે સેકટરના કોર્પોરેટર તેમજ સફાઈની જવાબદારી સંભાળતા સુપરવાઈરના નામ અને સંપર્ક નબર દર્શાવતું નાનું બોર્ડ મુકવું જોઈએ.

કચરો બાળવાની પ્રવૃત્તિ પર નિયંત્રણ તેમજ નવા બાંધકામના સ્થળે અથવા મકાનના રિનોવેશન સમયે નિયમોનું પાલન થતું નથી ગંદકી અને મચ્છરના ઉપદ્રવ થાય છે તો સંબંધિત કર્મચારીઓની જવાબદારી સુનિશ્ચિત કરવી જોઈએ. સેકટરમાં ખાલી પ્લોટસ અને ખુલ્લી જગ્યાની પણ નિયમિત સફાઈ થાય તેવા સૂચના કર્મચારીઓને મળવી જોઈએ. રખડતા ઢોર પોદળા કરે છે નવા ઉછરતા રોપાનો નાશ કરે છે તો નિયમાનુસર દંડની કાર્યવાહી થવી જોઈએ.. રસ્તાની બંને બાજુ જંગલ ખાતાનું પ્લાન્ટેશન છે તમાં કચરો નિયમિત સાફ થાય તે જોવું જોઈએ તેમ પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવે ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદે રજુઆત કરેલ છે.

## કલામહાકુંભ- ૨૦૧૮માં ભાગ લેવા ઇચ્છતા કલાકારો જોગ

ગાંધીનગર, તા.૩૦

જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા કલામહાકુંભ-૨૦૧૮નું આયોજન કરવામાં આવ્યું છે. કલામહાકુંભમાં ભાગ લેવા ઈચ્છતા કલાકારો તા. ૧ થી ૧૫ મી જુલાઈ, ૨૦૧૮ દરમ્યાન જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, સી- વિંગ, છઠ્ઠો માળ, સહયોગ સંકુલ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતેથી કચેરી સમય દરમ્યાન ફોર્મ મેળવવાના અને ભરીને આપવાના રહેશે. તેમજ ઓન લાઈન ફોર્મ **http://www.kalamahakumbhgujarat. com** પર ભરીને પોતાનું રજીસ્ટ્રેશન કરાવી શકશે. તેમજ વધુ માહિતી માટે ફોન નંબર- ૦૭૯- ૨૩૨ ૪૦૩૨૪ પર સંપર્ક કરવા જિલ્લા રમત ગમત અધિકારીએ જણાવ્યું છે.

## સચિવાલય જીમખાનામાં રમતોત્સવ યોજાશે

સચિવાલય જીમખાના, સેકટર-૨૧, ગાંધીનગરના સભ્યો માટે જુલાઈ-ઓગષ્ટ માસ દરમિયાન વિવિધ રમતોની સ્પર્ધા યજાશે. આ સ્પર્ધાઓમાં જીમખાનાના સભ્યો, ફેમિલી મેમ્બરશીપ દ્વારા કુટુંબના સભ્યો તરીકે જાહર કરેલ હોય તેવા સભ્યો, પે એન્ડ પે તથા કોચિંગમાં આવતા ખેલાડીઓ ભાગ લઈ શકશે.

## ઉમિયા કેમ્પસમાં કાનુની શિબિર યોજાઈ




જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ ગાંધીનગરના ઉપક્રમે મિડિયેશન મધ્યસ્થીકરણથી કોર્ટોમાં કેસ ચલાવ્યા વગર સમાધાન થાય છે તેની જાણકારી આપવા માટે કાનૂની શિબિરનું શ્રી ઉમિયા માતાજી સંસ્થાનમાં આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન પદે માન. જજ શ્રી વી.એસ. રાઠૌર ઉપસ્થિત રહ્યા હતા અને જરૂરિયાતમંદ લોકોને મળતી કાનુની સહાય-વિવિધ જોગવાઈઓ વિષે જાણકારી આપી હતી. સામાન્ય જનતાને સમજાય તેવી ભાષામાં લીગલ વોલન્ટીયર અને ટ્રેઈન્ડ મિડિયેટર સુધીરભાઈ દેસાઈએ વિશેષ જાણકારી આપી હતી.

સંસ્થાના પ્રમુખ ભરતભાઈ પટેલ, મહામંત્રી ભોળાભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, પ્રખ્યાત વકીલ રાજુભાઈ પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા તથા શિબિરમાં સ્વૈચ્છિક સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા.

## પેથાપુર-મહુડી રોડ પરથી ગેરકાયદેસર બંદૂક સાથે ડફેર ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એસઓજી પીઆઈ પરેશ સોલંકીની ટીમ પેથાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન હેડ કોન્સ્ટેબલ કિરીટસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે પેથાપુર મહુડી રોડ ઉપર ફતેપુરા ત્રણ રસ્તા પાસે એક ડફેર શખ્સ ગેરકાયદેસર બંદૂક લઈને



પસાર થનાર છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી ની એક ટીમ ખાનગી રીતે વોચમાં ગોઠવાઈ ગઈ હતી અને પેથાપુર મહુડી હાઈવે પરના ફતેપુરા ત્રણ રસ્તા પાસેથી ડફેરને ગેરકાયદેસર બંદૂક સાથે દબોચી લીધો હતો. મૂળ વિજાપુરના અને હાલ પેથાપુર ગામની સીમમાં ફતેપુરા જવાના રસ્તા પર પ્રજાપતિ શૈલેષભાઈના બોરકુવા પર રહેતા ડફેર ગુલાબ ઉર્ફે લાલો ઈસ્માઈલ લાખા સિંધી નામના શખ્સને ત્રણ હજારની કિંમતની હાથ બનાવટની બંદૂક સાથે ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




ગાંધીનગરના સેકટર-૧૧માં આજે ફોર્ચ્યુન ઈન હવેલી હોટેલ ખાતે અમદાવાદના સીજી રોડ પરના જાણીતા ધરમરાજ જવેલર્સ દ્વારા બે દિવસીય 'પ્રિમીયમ જવેલરી એકિઝબીશન એન્ડ સેલ'નો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ એકિઝબીશના ઉદઘાટન પ્રસંગે દિપ પ્રાગટયમાં ગાંધીનગર જિલ્લાના પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ તથા વર્તમાન તાલુકા પ્રમુખ શોભનાબેન વાઘેલા સહિત શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## દંતાલી નર્મદા કેનાલમાંથી નગ્ન હાલતમાં બિનવારસી યુવાનનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૩૦

અડાલજ નજીક આવેલા દંતાલી ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે બપોરના અરસામાં એક બિનવારસી યુવાનનો નગ્ન હાલતમાં તરતો મૃતદેહ મળી આવ્યો હતો. કેનાલમાં નગ્ન હાલતમાં મૃતદેહ અંગે જાણ થતાં જ આ વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી અને પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી હતી. અડાલજ પોલીસને આ ઘટનાની જાણ થતા પી.એસ.આઈ સેફાલી બુલાન તેમની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ગાર્ડની મદદ લઈ કેનાલમાં તરતો મૃતદેહ બહાર કઢાવી તેની ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી. નગ્ન હાલતમાં મળી આવેલા મૃતદેહ પર બારીકાઈથી નિરીક્ષણ કરવામાં આવતા પ્રાથમિક તબક્કે કોઈ ઈજાના નિશાન કે અન્ય શંકાસ્પદ ઈજા દેખાઈ આવી ન હોવાનું પોલીસનું કહેવું છે. આશરે ૩૦ વર્ષીય આ બિનવારસી યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને તેની ઓળખ માટે કવાયત શરૂ કરી છે અને તેના મૃત્યુનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

## @ગાંધીનગર

● માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી સવારના ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

● ગાંધીનગર જિલ્લા પેન્શનર મંડળની કારોબારી સભા સવારે ૯.૩૦ કલાકે ૩૦૪ સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજો માળ, સેકટર-૨૨ ખાતે યોજાશે.

● સમસ્ત જણસારી સમાજ ગાંધીનગરની બેઠક સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન જુના સચિવાલય કેન્ટીન પાસે યોજાશે.

● ગાંધીનગર પીપાવંશી દરજી સમાજ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની વાર્ષિક સામાન્ય સભા સવારે ૯ કલાકે રંગમંચ સેકટર-૨૪ ખાતે યોજાશે.

● મહારાષ્ટ્ર સમાજ ભવન, સે-૨૧ ખાતે આવેલ સિધ્ધિવિનાયક મંદિરમાં ગણેશ ચોથના મંગલ પર્વ નિમિત્તે સાંજે ૭.૦૦ કલાકે ગણપતીજીની મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે.

## વાતવાતમાં

● જિલ્લામાં યોજાનાર આગામી અશ્વ શૉના પગલે જિલ્લા તંત્રએ કમર કસી છે. આ શૉ માટે ઘોડાઓની પસંદગી કરવા તંત્રના અધિકારીઓ ગાંધીનગરના વેટરનરી ડૉકટરને સાથે લઈ ગયા હતા.

● શહેરમાં સરકારી કર્મચારીઓની મોટી સંખ્યામાં થયેલ વય નિવૃત્તિના કારણે ફુલ-બુકેના ઓર્ડરમાં ધસારો જોવા મળ્યો હતો. આ સાથે શહેરની હોટલ-રેસ્ટોરન્ટમાં સાંજના સમયે નાની-મોટી શુભેચ્છા પાર્ટીઓ પણ યોજાઈ હતી.

## વસુધા ક્રેડિટ સોસાયટી તેજસ્વી તારલાઓને સન્માનશે

ગાંધીનગર, તા.૩૦

ધી વસુધા ક્રેડિટ એન્ડ સપ્લાય કો.ઓ. સોસાયટી ગાંધીનગરની સાધારણ સભા તા. ૨૨મી જુલાઈએ બપોરે એક વાગે મળનાર છે. તેમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવશે. વાર્ષિક અહેવાલ સભાસદોને વહેંચવામાં આવી રહ્યા છે ન મળે તેમણે કાર્યાલયમાંથી મેળવી લેવી જણાવાયું છે. શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ના વસુધા પરિવારના તેજસ્વી તારલાઓએ કાર્યાલયમાંથી ફોર્મ મેળવી તા. ૧૫મી જુલાઈ સુધીમાં આપી જવા જણાવાયું છે.

## સોમવારે જાગૃત નાગરિક પરિષદની બેઠક મળશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની દર મહિનાની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૨જી જુલાઈના રોજ સોમવારે સાંજે પાંચ કલાકે પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને મળશે. સે-૨૧ના નમન એપાર્ટમેન્ટમાં આ મીટીંગ યોજાશે. જેમાં સળગતા પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે સંસ્થાના સભ્યો, પદાધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોને બેઠકમાં હાજર રહેવા મહામંત્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. શંકરભાઈ આદરભાઈ પટેલ, ઉ.વ. ૮૬
- સ્વ. વસંતબા દશરથસિંહ વાઘેલા, ઉ.વ. ૪૭
- સ્વ. દશરથસિંહ બડેસિંહ ઠાકુર, ઉ.વ. ૫૦